## વાત્રક કેનાલ કાંઠે હીરાપુર કંપાના ખેડૂતોની રામધૂન

### કેનાલનું કામ અધુરૂ છોડાતાં ખેડૂતોમાં રોષ, રામધૂનથી તંત્રની ઉંઘ ઉડાડવાનો પ્રયાસ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

ધનસુરા તાલુકાના હીરાપુરકંપા પાસેથી પસાર થતી વાત્રક જમણાકાંઠાની કેનાલનું કામ અધૂરૂ છોડવામાં આવતાં ખેડુતોમાં રોષ ભભૂક્યો છે. ૩૨ કી.મી. પૈકી કેનાલમાં કામ શરૂ કર્યા પછી ૮ કી.મી.નું કામ અધુરૂ રખાતાં ગત રોજ ખેડૂતોએ કેનાલ કાંઠે બેસી રામધૂન દ્વારા તંત્રની આંખ ઉઘાડવાનો પ્રયાસ કર્યો હતો. ૧૫ ગામોની હજારો હેક્ટર જમીનને અધૂરી કેનાલના કારણે સિંચાઈનો લાભ મળતો ન હોવાથી કેનાલનું કામ ઝડપથી પૂર્ણ કરવા માટે ખેડૂતોએ માંગ ઉઠાવી છે.



વરસાદની અનિશ્ચિતતાના કારણે ખેતી ઉપર સંકટ ઉભું થયું છે. ઘણા લાંબા સમય પછી વરસાદે અલપ ઝલપ પધરામણી કરતાં ખેતીને થોડા દિવસો માટે જીવતદાન મળ્યું છે પરંતુ પાછલા કેટલાક વર્ષોથી ચોમાસુ નબળું રહેતાં ખેતીનો મોટો મદાર સિંચાઈ યોજનાઓ ઉપર રહેતો હોય છે. ધનસુરા તાલુકાના હીરાપુરકંપાના ખેડૂતો માટે વાત્રક જમણાકાંઠાની કેનાલ શિયાળુ તેમજ ઉનાળુ ખેતી માટે મહત્વની બની રહી છે.

વિભાગ દ્વારા થોડાક સમય અગાઉ વાત્રક જમણાકાંઠાની કેનાલનું કામકાજ શરૂ કરવામાં આવ્યું પરંતુ કોઈપણ કારણોસર ૮ કી.મી. કેનાલનું કામ અધુરૂ મૂકવામાં આવતાં પંથકના ખેડૂતો સમસમી ઉઠ્યા છે. જાગૃત ખેડૂતો દ્વારા કેનાલનું કામ પુરૂ કરવા માટે તંત્ર સમક્ષ રજૂઆતો કરવામાં આવી છતાં કામ પુરૂ થયું ન હોવાથી ગત રોજ હીરાપુરકંપાના ખેડૂતોએ તંત્રની આંખ ઉઘાડવા માટે વાત્રક જમણાકાંઠાની કેનાલ ઉપર બેસી રામધૂન બોલાવી હતી. ૧૫ ગામના ખેડૂતો સિંચાઈ યોજનાનો લાભ લઈ રહ્યા છે પરંતુ અધૂરા કામના કારણે આગામી ખેતીની સીઝનમાં સિંચાઈનો પર્યાપ્ત લાભ મળી શકે તેમ ન હોવાથી ખેડૂતોએ રામધૂનનો નવતર પ્રયોગ અજમાવ્યો છે.

## જિલ્લામાંથી રણુંજા જવા નિકળેલા પદયાત્રિકો રસ્તામાં અટવાશે

### રાજસ્થાન પોલીસે રસ્તા ઉપર બેરીકેટ ગોઠવ્યા : મેળો મોકુફ રખાયા પછી પદયાત્રીઓની પ્રવેશબંધી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

રાજસ્થાનના સુપ્રસિદ્ધ ધાર્મિક સ્થાન રામદેવરા ખાતે દર વર્ષે યોજાતો ભાદરવા મહિનાનો મહામેળો સંભવિત કોરોનાની ત્રીજી લહેરને ધ્યાનમાં રાખી રદ કરવામાં આવ્યા પછી જિલ્લામાંથી રણુંજા જવા નિકળેલા પદયાત્રીઓ રસ્તામાં અટવાઈ શકે છે. રાજસ્થાન પોલીસે જોધપુર રેન્જ આઈ.જી.ના આદેશને પગલે રસ્તામાં ઠેર ઠેર બેરીકેટ ગોઠવ્યા છે જેમાં રણુંજા જતા પદયાત્રીઓને અટકાવી પરત મોકલવામાં આવી રહ્યા છે.

રાજસ્થાનના જેસલમેર જિલ્લામાં આવેલા રામદેવરામાં મહાકુંભ ગણાતા રામદેવજી પીરના પોખરણ ખાતે યોજાતા મહામેળાનું આગવું મહત્વ છે. દર વર્ષે હજારોની સંખ્યામાં યાત્રિકો રામદેવરા જતા હોય છે જેમાં સાબરકાંઠા, અરવલ્લી




જિલ્લાના અસંખ્ય રામદેવ ભક્તો પગપાળા રણુંજાની યાત્રા કરી ધન્યતા અનુભવતા હોય છે પરંતુ કોરોનાની મહામારીના કારણે આ વર્ષે પણ રણુંજાનો મહામેળો રદ કરવામાં આવ્યો છે. તા.૨૪ ઓગષ્ટના રોજ સૂચના જારી કરી આ વખતનો મેળો રદ કરી હવે પગપાળા રણુંજા જતા પદયાત્રીઓને રસ્તામાં અટકાવવામાં આવી રહ્યા છે. સંભવિત કોરોનાની ત્રીજી લહેરના કારણે મેળો રદ કરાયો છે અને ભક્તો માટે ઓનલાઈન દર્શનની વ્યવસ્થા કરવામાં આવી છે. મેળાનો સમય જેમ જેમ નજીક આવતો જાય છે તેમ માર્ગો ઉપર રણુંજા જતા પદયાત્રીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. જિલ્લામાંથી અસંખ્ય રામદેવ ભક્તોએ રણુંજા તરફ પ્રયાણ કર્યું છે. પરંતુ રાજસ્થાન પોલીસ દ્વારા રસ્તામાં બેરીકેટ લગાવી પદયાત્રીઓને પરત મોકલવામાં આવતાં અનેક પદયાત્રીઓ રસ્તામાં જ અટવાઈ શકે છે. મોટી સંખ્યામાં રામદેવ ભક્તો રામદેવરા તરફ આગળ વધી રહ્યા હોવાથી જોધપુર રેન્જ આઈ.જી.ની સૂચનાથી બાડમેર જિલ્લામાં નાકાબંધી કરી પદયાત્રીઓને અટકાવવામાં આવી રહ્યા છે.



**મેઘરજમાં અંબાજી જતા પદયાત્રીઓની ફળફળાદિનું વિતરણ**

આરાસુરી અંબાજી મંદિરે પગ પાળા ચાલીને જતા ભક્તોની સંખ્યા વધારો થઈ રહ્યો છે. ત્યારે મેઘરજ ગેલી માતાજીના મંદિર નજીક મેઘરજ નગર ના વાલ્મીકી યુવાનો દવારા ફ્રૂટ વિતરણ કરવામાં આવ્યું હતું.મેઘરજ વાલ્મિકી સમાજના બિપીનભાઈ જીતુભાઈ અવિનાશભાઈ રાજેન્દ્ ભાઈ પ્રકાશભાઈ વિજયભાઈ દિપકભાઈ કિરણભાઈ દવારા મફત ફ્રૂટ વિતરણનું આયોજન કરી માઈ ભક્તો માટે સેવા કાર્ય ચાલુ કર્યું હતું.

## ઉત્તર ગુજરાતમાં ફાયર સેફ્ટીની મંજૂર કરેલી ત્રણ કોલેજો બંધ

### અભ્યાસની સુવિધા, સ્ટાફની વ્યવસ્થા નડી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

ઉત્તર ગુજરાતમાં સૌ પ્રથમવાર ફાયર સેફ્ટી અને સેનેટરી ઈન્સ્પેક્ટરના કોર્સ માટે મંજૂર થયેલી ૩ કોલેજો બંધ કરવામાં આવી છે. સંચાલકોને અભ્યાસની સુવિધા તેમજ સ્ટાફની વ્યવસ્થા ગોઠવવામાં મુશ્કેલી નડી છે જેના કારણે કોલેજોમાં નવું શૈક્ષણિક વર્ષ શરૂ થાય તે અગાઉ કોલેજ બંધ કરવા યુનિ.માં અરજી કરવામાં આવી છે.

હેમચંદ્રાચાર્ય યુનિ. દ્વારા ઉત્તર ગુજરાતના પાટણ, શામળાજી અને મોડાસામાં ફાયર સેફ્ટી તેમજ સેનેટરી ઈન્સ્પેક્ટરના કોર્સ માટે કોલેજને મંજૂરી આપવામાં આવી હતી. પરંતુ કોલેજમાં અભ્યાસ માટેની સુવિધાઓ તેમજ સ્ટાફની વ્યવસ્થા કોલેજોને કરવાની હતી જેમાં સંચાલકોને મુશ્કેલી પડી છે. અરવલ્લીની ૨ અને પાટણ શહેરની ૧ મળી ઉત્તર ગુજરાતમાં ૩ કોલેજો શરૂ થાય તે પહેલા બંધ કરવા માટે યુનિ.માં રજૂઆત થઈ હતી. જે અરજી અનુસંધાને યુનિ. દ્વારા મંડળ અને જે સંસ્થાઓ કોલેજ શરૂ કરવા ન માગતા હોય તેમની અરજીઓ સ્વીકારી કોલેજ બંધ કરવાની માંગ સ્વીકારવામાં આવી છે. આ ત્રણેય કોલેજો પ્રથમ વર્ષમાં શરૂ થાય તે પહેલાં બંધ થતાં શૈક્ષણિક જગતમાં આ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે. ઉલ્લેખનીય છે કે ફાયર સેફ્ટી અને એસ.આઈ.ના કોર્સ માટે યુનિ.એ ઉત્તર ગુજરાતમાં નવી ૫૮ કોલેજો શરૂ કરવા માટે મંજૂરી આપી હતી પરંતુ પાટણ, શામળાજી અને મોડાસાની કોલેજોમાં સંચાલકોને કેટલીક મુશ્કેલીઓ સહન કરવી પડે તેમ હોવાથી આખરે કોલેજ બંધ કરવા માટે પાટણ યુનિ.માં થયેલ રજૂઆત પછી કોલેજો બંધ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

## ફરી કોરોનાનું ગ્રહણ : જાદરનો પ્રખ્યાત મુદ્ગ્રણેશ્વર મહાદેવનો મેળો મોકુફ

### અનેક વેપારીઓ રોજગારી ગુમાવશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

ઈડર તાલુકાના જાદરના ૮૦૦ વર્ષ પુરાણા મુદ્ગ્રણેશ્વર મહાદેવનો મેળો કોરોનાના સંક્રમણના કારણે આ વર્ષે પણ મોકૂફ રાખવાનો ગ્રામ પંચાયત દ્વારા નિર્ણય લેવાયો છે. પાછલા ૨ વર્ષથી મેળો રદ થતાં અનેક વેપારીઓ રોજગારી ગુમાવી રહ્યા છે.

પવિત્ર શ્રાવણ માસમાં અનેક લોકમેળાનું આયોજન થતું હોય છે. લોકમેળામાં ઉમટતી જનમેદનીના કારણે સ્થાનિક વેપારીઓના ધંધાને નવું જોમ મળતું હોય છે. પરંતુ કોરોનાના કારણે ૧૮ મહિના પછી પણ અનેક લોકમેળાનું આયોજન થઈ શક્યું નથી. ક્યાંક આયોજન થઈ રહ્યા છે તો કોવિડ-૧૯ ગાઈડલાઈનનો ચૂસ્ત અમલ હોવાના કારણે વેપારીઓ દેખાતા નથી. વર્ષો વર્ષ જાદરના મુદ્ગ્રણેશ્વર મેળામાં આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટતા હોય છે. વર્ષોથી ચાલી આવતી પરંપરાને કોરોનાના કારણે ગ્રહણ લાગ્યું છે. જાદર ગ્રામ પંચાયતની સામાન્ય સભામાં મેળો નહીં યોજવા માટે નિર્ણય લેવાયો હતો તેમજ મંદિરમાં શ્રીફળ વધાવવાની કામગીરી સરકારની ગાઈડલાઈન મુજબ ભાદરવા મહિનાના બીજા સોમવારે ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો છે.

## મોડાસાના ભામશા હોલ ખાતે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવશે

### જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરવામાં આવશે

બાયડ તા.૪

ભારત રત્ન અને દેશના પૂર્વ રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મ દિન તા. ૫ સપ્ટેમ્બરના રોજ મનાવતા શિક્ષક દિન નિમિત્તે અરવલ્લી જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા જિલ્લાના શિક્ષકોનું સન્માન કરવામાં આવશે.

બાળકોના સર્વાંગી ઘડતરમાં અમૂલ્ય યોગદાન આપવા અને આ શિક્ષકોની લોકસેવાને બિરદાવવા તા. ૫ ના રોજ મ.લા.ગાંધી કોલેજ કેમ્પસ ભામાશા હોલ મોડાસા ખાતે ૯-૦૦ ખાતે કાર્યક્રમ યોજાશે. જેમાં ગુજરાત રાજયના બિન અનામત વર્ગોના અયોગના ઉપાધ્યાક્ષશ્રી રશ્મિભાઈ પંડયાના અધ્યક્ષ સ્થાને અને મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

આ કાર્યકમમાં મુખ્ય મહેમાન અરવલ્લી જિલ્લા પચાયતના પ્રમુખશ્રી લાલસિંહ ચૌહાણ. સાબરકાંઠા અરવલ્લી સંસદસભ્ય શ્રી દિપસિંહજી રાઠોડ, ભિલોડાના ધારાસભ્યશ્રી ડૉ.અનિલભાઈ.જોષીયારા, મોડાસાના ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર, બાયડ-માલપુરના ધારાસભ્યશ્રી જશુભાઈ પટેલ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે.

જયારે અરવલ્લી જિલ્લા કલેકટરશ્રી.ર્ડા. નરેન્દ્રકુમાર મીના. જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી શ્વેતા તેવતિયા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. એમ જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી રમેશભાઈ પટેલ.જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી શ્રીમતી સ્મિતાબેન પટેલ. અને જિલ્લાશિક્ષણાધિકારી શ્રીમતી. ગાયત્રીબેન પટેલ દ્વારા નિયમંત્રણ પાઠવેલ છે.

## અરવલ્લી સંકલિત બાળ વિકાસ કચેરી દ્વારા જિલ્લાના ૬૦૦૦ કિશોરીઓ તથા બહેનોને જ્યુસ વિતરણ કરાયુ

બાયડ તા.૪

પોષણ માસના ઉજવણીને લઈને અરવલ્લી સંકલિત બાળ વિકાસ કચેરી દ્વારા સમગ્ર જિલ્લાનું ૬૦૦૦ કિશોરીઓ અને બહેનો માટે સરગવાના જ્યુસનું વિતરણ કરાયુ. આ ઉપરાંત દરેક આંગણવાડીમાં જવારા ઉગાડવામાં આવ્યાં છે જેનો જ્યુસ એક અઠવાડિયા બાદ ૬૦૦૦ કિશોરીઓ અને બહેનોને પંદર દિવસ સુધી આપવામાં આવશે.

આ અભિયાનનો મુખ્ય હેતુ પોષણ અને તે અંગે જાગૃતિ માટેનો છે. દરેક તાલુકામાં જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર ને સાથે રાખીને મિસ ન્યુટ્રીશન અને સ્જિ ન્યુટ્રીશન જેવી રચનાત્મક સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવેલ છે.

જેમાં ખેતીવાડી વિભાગ, આયુષ અધિકારી શ્રી, યોગ



અધિકારીશ્રી, આરોગ્ય અધિકારી શ્રી તમામ ના સહકાર થી તમામ તાલુકાની આંગણવાડી કાર્યકર બહેનોને ન્યૂટ્રી ગાર્ડન બનાવવાના, એનિમિયા અટકાવવા અને સ્તનપાન જાગૃતિ અંતર્ગત ની તાલીમ આપવામાં આવશે તેમજ રચનાત્મક પ્રવૃત્તિ અને સ્પર્ધાઓ યોજાશે.

## મહેસાણા જિલ્લાના ખેડૂતોએ ખેતીની પદ્ધતિ બદલી, વર્ષે ૮૦ લાખનું ટર્નઓવર કર્યું

મહેસાણા, તા.૦૪


મહેસાણા જિલ્લામાં વિજાપુર તાલુકાના માઢી ગામના ખેડૂતો પ્રગતિની વાટે જઈ રહ્યા છે. માઢી ગામના ખેડૂતો હાલ પાણીના સ્તર ઉંડા જતાં ખેતી છોડી શાકભાજીના રોપા ઉછેર તરફ વળ્યા છે. રૂટિન ખેતીમાં થતા નુકશાનથી બચવા માઢી ગામના ખેડૂતોએ નવી પદ્ધતિ અપનાવી છે. માઢી ગામના ૫૦ ટકા ઉપરના ખેડૂતોએ શાકભાજીના રોપા ઉછેરનો વ્યવસાય કરી રહ્યા છે. ગુજરાતના ૧૫ તાલુકામાં તેમજ રાજસ્થાન અને ઉત્તરપ્રદેશમાં માઢી ગામના રોપાનો વેપાર થાય છે. વર્ષે આ ગામનું ૮૦ લાખનું ટર્નઓવર છે. માઢી ગામના ખેડૂતો રોપા ઉછેર કરી અઢળક આવક મેળવી રહ્યા છે. રોપા ઉછેરના આ વ્યવસાયથી ગામના ગરીબ પરિવારને રોજગારી પણ આપી રહ્યા છે. મહેસાણા જિલ્લામાં વિજાપુર તાલુકાના માઢી ગામના ખેડૂતો શાકભાજીના રોપા ઉછેર કરી ગામનું ૮૦ લાખનું ટર્નઓવર કરી રહ્યા છે. આ ગામના રોપા ગુજરાત સહિત વિજાપુરથી ૨૦ કિ.મી દૂર આવેલ માઢી ગામના ખેડૂતો રૂટિન ખેતી છોડી બાગાયતી ખેતીમાં શાકભાજીના રોપા ઉછેરના વ્યવસાયમાં જોતરાઈ ગયા છે. રૂટિન અને રૂઢિચુસ્ત ખેતીમાં યોગ્ય ભાવ નહિ મળતા હવે અહીંના ખેડૂતો નવતર પ્રયાસ તરફ વળ્યા છે. આ ગામના ૫૦ ટકા ખેડૂતોએ શાકભાજીના ધરું ઉછેરની ખેતી શરૂ કરીને મબલક આવક પણ મેળવી રહ્યા છે. માઢી ગામમાં ૭૦થી વધુ શાકભાજીના રોપાની નાની મોટી નર્સરી આવેલી છે, જેમાં પ્રત્યેક નર્સરી ધરાવતા ખેડૂત વર્ષે ૨૦ લાખથી વધુની કમાણી કરી રહ્યા છે. માઢી ગામના ખેડૂતોની આ વ્યવસ્થાને કારણે ગરીબ વર્ગના પરિવાર માટે ગામમાં જ રોજગારીની તકો પણ ઉભી થઈ છે. માઢી ગામમાં અનેક પરિવાર ને રોજી રોટી પણ મળતી થઈ છે. રૂટિન ખેતીમાં ખૂબ જ જટિલ કામનો બોઝ રહેતો હોય છે ત્યારે રોપા ઉછેરમાં હાર્ડ વર્ક ખૂબ ઓછું રહેવાથી ગામની મહિલાઓ તેમજ અન્ય લોકોને મજૂરી માટે ભાગદોડ કરવી પડતી નથી અને ગામમાં જ રોજગારી મળતા ગુજરાન ચલાવવું સરળ બન્યું છે. માઢી ગામમાં મોટા પાયે સોઈલલેસ એટલે કે પ્લગ ટ્રે પદ્ધતિથી રોપા તૈયાર કરવામાં આવે છે. આ પદ્ધતિથી તૈયાર થતા ધરૂમાં રોગ લાગવાની શક્યતાઓ રહેતી નથી. અહીંના ખેડૂતોને તાલીમ આપવાની સાથે સાથે ગ્રીનહાઉસ અને નેટહાઉસના કુલ ખર્ચના ૫૫ ટકા લેખે બાગાયત વિભાગ સરકારી સહાયની માહિતી આપી ખેડૂતોને મદદ કરવાના પ્રયાસ પણ કરી રહ્યા છે. માઢી ગામના ખેડૂતોનો રોપા ઉછેરમાં ઉત્સાહ જોઈ બાગાયત વિભાગ દ્વારા પણ અનેક સેમિનારનું આયોજન કરી પૂરતું ધ્યાન આપી તેમનો ઉત્સાહ વધારવામાં આવે છે.

## સાયરા ગામનું ગૌરવ : વિસ્તરણ અધિકારી તરીકે બઢતી

મોડાસા તાલુકાના સાયરા ગામના બિપીનભાઈ જશવંતભાઈ પટેલ (તલાટી કમ મંત્રી-આસોજ)ને રાજ્ય સરકારના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા તેમની નિષ્ઠાપૂર્વકની કામગીરીને ધ્યાને લઈ તલાટી કમ મંત્રી સંવર્ગમાંથી વિસ્તરણ અધિકારી તરીકે બઢતી આપી તાલુકા પંચાયત-સાવલીમાં નિયુક્તિ કરાતાં સમગ્ર સાયરા પંથક અને આંજણા પાટીદાર સમાજમાં ખુશાલી છવાઈ છે. બિપીનભાઈ પટેલને તક્ષશિલા વિદ્યાલય-બાયડના સંચાલક અતુલભાઈ બી. પટેલ, બાયડ હાઈસ્કુલના ઓફીસ સુપ્રિટેન્ડેન્ટ મહેશભાઈ પટેલ વગેરેએ અભિનંદન પાઠવ્યા હતા.

## અરવલ્લી : ૧૮૧ અભયમ્ ટીમ દ્વારા ઘર છોડીને ભાગેલી ૧૬ વર્ષની યુવતીને પરિવાર સાથે મિલન કરાવ્યું

અરવલ્લી જિલ્લાની ૧૮૧ અભયમ ટીમ દ્વારા ૩ સપ્ટેમ્બરે રાત્રે ૮ વાગેના સમયમાં ૧૮૧ મહિલા હેલ્પલાઈન પર ફોન આવેલ કે શામળાજી મંદિરના ગેટ પાસે એક છોકરી બેસી છે,આ




ફોનના અગત્યતા સમજી ૧૮૧ ટીમના કાઉન્સેલર ચૌધરી ચેતનાબેનની ટીમ સાથે સ્થળપર પહોચીને કાઉન્સેલર કરતા આ છોકરી મહિસાગર જીલ્લાના ગામડાની ધો-૧૦માં અભ્યાસ કરતી હતી છોકરીની પૂછપરછ કરતા છોકરી તેમના માબાપના સતત માનસિક ત્રાસથી કંટાળીને ઘર ની દિવાલ પર હું ઘર છોડીને જાઉ છું મને શોધશો નહી તેવુ લખાણ લખીને ઘરેથી નીકળી ગયેલ હતી. અને તેને અંબાજી પગપાળા નીકળેલ પદયાત્રા સાથે જોડાઈ ઘરે પાછું ન ફરવા વિચારી ઘેરથી નિકળી ગયેલ હતી. રથ સાથે શામળાજી સુધી આવી પહોચી હતી બાળકીએ અમે જણાવ્યું હતું. પદયાત્રીઓએ પોતાના રથ જોડે આવેલ છોકરીની ઓળખણ ન થતા તરતજ ૧૮૧ મહિલા હેલ્પલાઈન મોડાસાને જાણ કરી હતી અભયમ ટીમ દ્વારા છોકરીના ઘરે સંપર્ક કરતા મહિલાના પિતાએ નજીકના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ પણ નોધાવેલ હતી અને સગાસંબંધીએ શોધખોળ કરી રહયા હતા.

રાત્રે ૧-૨૦વાગે છોકરીના પરિવારના સભ્યોને તેમજ પોલીસ સ્ટેશન મોડાસા ખાતે બોલાવી જરૂરી કાર્યવાહી કરી અભયમ ટીમ દ્વારા છોકરીનું કાઉન્સલીંગ કરી ઘરે ના જવાની જીદ પકડીને બેઠેલી છોકરીને સમજાવી છોકરીના વાલીને અગાળ અભ્યાસ કરાવે તેમજ તેને નોકરી કરવા સ્વપ્ર પુરુ કરાવે તેમ સમજાવું હતું આમ કોરોના કપરા સમયમમાં બાળકો સ્કૂલો બંધ હોવાના કારણે ઘરમાં મુંજવાતા હોય છે અને વાલીઓ પણ અભયાસ બાબતે બાળકોની ચિંતા કરતા હોય છે આવા મુજવતા તથા માનસીક રીતે પીડાતા વાલીઓ તથા યુવતીઓ ૧૮૧ અભયમની જરૂરી માર્ગદર્શન મેળવી શકે છે અને અભયમ ટીમનો આશરો લઈ શકે એમ કાઉન્સેલરે જણાવ્યું હતું.



આમ છોકરીના મમ્મી પપ્પા ૩ દિવસથી ગાંડાની જેમ છોકરીને શોધતા હતા જે પોતાની મળી આવતા આંખોમાં આસું સાથે ૧૮૧ અભયમ ટીમ મોડાસાનો ખૂબ ખૂબ અભાર માની ઉમદા કામગીરીને બિરદાવી હતી.